# મહાશિવરાત્રીએ વિશ્વ ઉમિયાધામનું ભૂમિ પૂજન

## વડાપ્રધાન મોદીના હસ્તે ભૂમિપૂજન : મુખ્યપ્રધાન રૂપાણી, જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસ સહિત અનેક મહાનુભાવ પહોંચશે : તડામાર તૈયારી

અમદાવાદ, તા.૧

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા વિશ્વની આઠમી અજાયબી સમાન જગતજનની મા ઉમિયાના વિશ્વના સૌથી મોટા અને ભવ્યાતિભવ્ય મંદિરના નિર્માણના ભાગરૂપે અમદાવાદના એસ.જી.હાઈવે પર વૈષ્ણોદેવી સર્કલથી અંદર જાસપુર ગામ ખાતે આગામી તા.૪થી માર્ચે મહાશિવરાત્રિના પવિત્ર દિને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે મહાભૂમિપૂજનનો કાર્યક્રમ યોજાશે. વડાપ્રધાનના હસ્તે થનારા આ મહાભૂમિપૂજન કાર્યક્રમમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, દંતાલી આશ્રમ, પેટલાદના સંત શ્રી સચ્ચિદાનંદજી મહારાજ, જગન્નાથ મંદિરના દિલીપદાસજી મહારાજ સહિતના અનેક મહાનુભાવો હાજર રહેશે. આશરે રૂ.એક હજાર કરોડ રૂપિયાના ખર્ચે મા ઉમિયાના ૧૦૦ મીટર ઉંચા અને ભવ્યાતિભવ્ય મંદિર સહિત વૈશ્વિક અજાયબી સમાન વિશ્વ ઉમિયાધામ સંકુલ ૩૦ લાખ ચોરસફુટ વિસ્તારમાં નિર્માણ પામશે, જે આગામી પાંચથી દસ વર્ષમાં પૂર્ણ થશે. મા ઉમિયાના મંદિર




માટે વડાપ્રધાનના હસ્તે મહાભૂમિપૂજનના કાર્યક્રમમાં દેશ-વિદેશમાંથી લાખો શ્રધ્ધાળુ ભકતો ખાસ ભાગ લેવા આવવાના છે, કારણ કે, એ દિવસે સમગ્ર દિવસ દરમ્યાન મા ઉમિયાની મહાપૂજા, આરતી સહિતના અનેક ધાર્મિક કાર્યક્રમો રાખવામાં આવ્યા છે એમ અત્રે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના મુખ્ય સંયોજક સી.કે.પટેલ અને સંયોજક આર.પી.પટેલે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વૈષ્ણોદેવી સર્કલ પાસે ૩૦ લાખ ચોરસ ફુટ કરતાં વધુ વિસ્તારમાં વૈશ્વિક પાટીદાર હબ બનાવમાં આવશે, જેમાં મા ઉમિયાના ભવ્યાતિભવ્ય મંદિર, વિશ્વ ઉમિયાધામ સંકુલ કે જેમાં વિવિધ શૈક્ષણિક, વ્યવસાયિક, આરોગ્ય અને રોજગારલક્ષી પ્રવૃત્તિઓને સાચા અર્થમાં ચરિતાર્થ કરી શકાય તે હેતુથી અન્ય સંકુલો અને એકમો પણ ઉભા કરાશે. ૧૦૦ મીટરથી વધુ ઉંચા મા ઉમિયાના ભવ્ય આર્કિટેક્ચર ધરાવતા મંદિર માટે ૪૧ ફુટ ઉંચી માં ઉમિયાની મૂર્તિને આખરી ઓપ અપાઈ રહ્યો છે, જયારે ૫૧ ફુટનું માતાજીનું ત્રિશૂળ તૈયાર થઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તા.૪થી માર્ચે મહાભૂમિપૂજનના કાર્યક્રમને લઈ તડામાર તૈયારીઓ કરવામાં આવી છે.

ખાસ કરીને દેશ-વિદેશના મહાનુભાવો અને લાખો શ્રધ્ધાળુઓ આવનારા હોઈ ટ્રાફિકની વિશેષ વ્યવસ્થા પણ કરાઈ છે. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના મુખ્ય સંયોજક સી.કે.પટેલ અને સંયોજક આર.પી.પટેલે ઉમેર્યું હતુ કે, એક હજાર કરોડ રૂપિયાના આ વૈશ્વિક પ્રોજેકટમાં પાટીદાર સમાજના ૩૯૨થી વધુ દાતાઓ દ્વારા અત્યારસુધીમાં રૂ.૩૬૦ કરોડનું દાન આપી દેવાયું છે, જેમાં મુંબઈના નંદાસા પરિવારના નારણકાકા અને મંગળકાકાએ રૂ.૫૧ કરોડનું અનુદાન આપ્યું છે. પાટીદાર સમાજ સિવાય કોઈપણ દાતા આ ભવ્ય પવિત્ર કાર્યમાં યથાશકિત યોગદાન આપવા ઈચ્છતા હોય તો તે પણ આવકાર્ય છે. માં ઉમિયાનું આ મંદિર વિશ્વનું સૌથી મોટું અને આઠમી અજાયબી સમાન બની રહેશે, જેમાં ભવ્ય આકર્ષણો, અનોખુ આર્કિટેકચર સહિતની અનેક વિશેષતાઓ હશે, દેશ-વિદેશથી લોકો તેને જોવા અને દર્શનાર્થે આવશે.

## પોતાના પરિશ્રમથી કુટુંબની આર્થિક સુખાકારી સુનિશ્ચિત કરે છે મહિલા પશુપાલક : શંકરભાઈ ચૌધરી

પાલનપુર, તા. ૧

પશુપાલના વ્યવસાય દ્વારા બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકાના આધિજાતી બી.પી.એલ. કુટુંબોનું સામાજીક અને આર્થિકસ્તર સુધારવા માટે બાબતે બનાસ ડેરી દ્વારા કામગીરી કરવામાં આવે છે.

આ યોજના હેઠળ બનાસકાંઠાના દાંતા અને અમીરગઢ તાલુકાના ૧૨,૦૦૦ આદિજાતી બી.પી.એલ. કુટુંબોનો ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ સૌને અવગત કર્યા હતા. વધુમાં પશુપાલનનો વ્યવસાય વૈકલ્પિક આવક તરીકે ન રહેતા હવેના સમયમાં પુર્ણકાલીન આર્થીક પગભર થવાનો સ્ત્રોત બન્યો હોવાનું



ગુજરાત સરકારની વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગતની ‘‘સંકલિત ડેરી વિકાસ યોજના’’ હેઠળના લાભાર્થીઓને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના હસ્તે કિટ વિતરણ કરવામાં આવેલ હતુ. આ યોજના હેઠળ મહિલાઓમાં વૈજ્ઞાનિક ઢબે પશુપાલન બાબતે જાગૃતિ આવે તે માટે તાલીમ, દૂધના વ્યવસાય બાબતે આદિવાસી કુટુંબોમાં આત્મવિશ્વાસનો વધારો તથા તે થકી તેમના જીવન ધોરણ ઉંચા આવે તે સમાવેશ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૩-૧૪થી આ યોજના માટે પ્રત્યેક લાભાર્થી દીઠ રૂ. ૫૪,૪૦૦/-ની સહાય કરવામાં આવે છે. આ ઉપરાંટ વધારાની રૂ. ૧૦,૦૦૦ની સાધન સહાય પણ કરવામાં આવે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના સંકલિત અમલીકરણથી બનાસ ડેરી દ્વારા દાંતા અને અમીરગઢના પશુપાલકોના જીવનધોરણને ઉંચુ લાવવાના પરીણામલક્ષી પરિશ્રમી પ્રયાસો થઈ રહ્યાં હોવાની બાબતથી ચેરમેને જણાવ્યું હતુ.

કાર્યક્રમમાં ડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈ, ડેરીના સર્વે ડાયરેક્ટર અણદાભાઈ પટેલ, દીલીપસિંહ બારડ, ભાવાભાઈ રબારી, ફલજીભાઈ પટેલ, મુળજીભાઈ પટેલ, ઈન્ચાર્જ એમ.ડી. કામરાજભાઈ ચૌધરી, ડેરી હસબન્ડરી વિભાગના એ.જી.એમ. હરીભાઈ ચૌધરી, ડેરીના ઉચ્ચ અધિકારીઓ અને મોટી સંખ્યામાં દાંતા તથા અમીરગઢ તાલુકાના પશુપાલકો જોડાયા હતા.

## લાટીવાળા ડી.એલ.એડ. કોલેજ વેસ્ટ ટુ વેલ્થ સ્પર્ધામાં ઝળકી

મોડાસા, તા. ૧

શ્રી મ.લા. ગાંધી ઉ.કે. મંડળ મોડાસા સંચાલિત ગો.વા.પ.ભ. મુરીબેન ખેમચંદદાસ શાહ (લાટીવાળા) ડી.એલ.એડ. કોલેજ, મોડાસા નીતનવા શીખરો સર કરે છે. રમતોત્સવ, વિજ્ઞાનમેળો, સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરેમાં હંમેશા મોખરે રહી ચૂકી છે. તાજેતરમાં જ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા માન્ય જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર અરવલ્લી અને સર પી.ટી. સાયન્સ કોલેજ, મોડાસા તથા એસએસઆઈપી કેસીજી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રિય વિજ્ઞાન દિવસ ૨૦૧૯ સંદર્ભે વેસ્ટ ટુ વેલ્થ હરિફાઈ યોજાઈ ગઈ જેમાં કોલેજે દ્વિતિય ક્રમાંક મેળવી કોલેજનું નામ રોશન કર્યુ હતુ. સમગ્ર કૃતિનું માર્ગદર્શન કા. આચાર્ય ગીતાબેન નિનામા અને મુકુન્દ શાહે આપ્યું હતું. તેમજ પ્રશિક્ષણાર્થીઓ ખરાડી સરલા અને કટારા રીંકલે ખૂબજ રસપૂર્વક ભાગ લઈ દ્વિતિય ક્રમાંક મેળવી શિલ્ડ તથા પ્રમાણપત્ર પ્રાપ્ત કરેલ છે.

કોલેજ દ્વિતિય ક્રમાંક મેળવ્યો તે બદલ મંડળના પ્રમુખ નવિનચંદ્ર આર. મોદી અને પ્રભારી મંત્રી ધીરેનભાઈ એમ. પ્રજાપતિ અને સમગ્ર કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## મહેસાણા જિલ્લા પંચાયતનું અંદાજપત્ર સર્વાનુમતે મંજુર

મહેસાણા જિલ્લા પંચાયતની આજે મળેલી સાધારણ સભામાં રૂ. ૧.૩૦ કરોડની પુરાંત દર્શાવતું વર્ષ ૨૦૧૯-૨૦નું બજેટ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું હતું. જ્યારે જિલ્લાની ચાર ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્ત રજૂ કરાઈ હતી. ઉપરાંત, ગામડાઓમાં આરઓ પ્લાન્ટ, છાત્રોને પ્રોત્સાહન, ફોગીંગ મશીન ખરીદી સહિતની યોજનાઓ મંજુર કરવામાં આવી હતી.

જિલ્લા પંચાયત પ્રમુખ શીલાબેન પટેલની અધ્યક્ષતામાં મળેલી બજેટની સાધારણ સભામાં રજૂ કરવામાં આવેલા વર્ષ ૨૦૧૯-૨૦૨૦ના બજેટની ચર્ચા અગાઉ કોંગ્રેસ પક્ષ તરફથી સત્તાધારી કોંગીના સદસ્યોને બજેટની તરફેણમાં મતદાન કરવા વ્હીપ અપાયો હતો. જોકે મતદાન થતાં ભાજપે પણ સંમતિ દર્શાવતાં મહેસાણા જિલ્લા પંચાયતનું બજેટ સર્વાનુમતે મંજુર થયું હતું. આ પ્રસંગે ડીડીઓ દક્ષિણીએ બજેટમાં કરવામાં આવેલી જોગવાઈ અંગે જણાવતા કહ્યું હતું કે, જિલ્લામાં દરેક ગ્રામપંચાયતોમાં આરો પ્લાન્ટ માટે રૂ. ૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે.



મહા શિવરાત્રીના પાવન દિવસે શ્રદ્ધાળુઓ દેવાધિદેવ મહાદેવની પૂજા-અર્ચના ઉપવાસ રાખીને કરતા હોય છે. જેથી ફળાહારરૂપે શક્કરીયા, ગાજર, બોર ખાવાનો મહિમા હોય છે. જેના કારણે શિવરાત્રી નજીક આવતા જ શક્કરીયાનું ડીસા શહેરમાં ધૂમ વેચાણ થવા લાગ્યુ છે.

## ધાનેરા તાલુકા પંચાયતમાં વિકાસ અને સ્વચ્છતા માટેની ગ્રાન્ટમાં થઈ મિલીભગત

ધાનેરા, તા. ૧

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દેશમાં સ્વચ્છતા અને વિકાસના કામો થાય અને નાગરિકોની સુવિધાઓ મળે તે માટે સ્વચ્છતા અને વિકાસના કામો તેમજ નાગરિકોને સુવિધા અને સ્વચ્છતા માટે કરોડો રૂપિયા ગ્રાન્ટ હેતુ મોકલે છે પરંતુ ધાનેરામાં રહેતા ભ્રષ્ટાચારી હોદ્દેદારો તેમજ મળતીયાઓને મલાઈ ખાવાની ટેવ પડી છે તે જતી નથી.

ધાનેરા તાલુકામાં સ્વચ્છતા અને ગામમાં સુવિધા ઉભી કરવા ગ્રાન્ટ આવી હતી તેવું જાણવા મળેલ છે જે ગ્રાન્ટ ધાનેરા તાલુકાની તમામ પંચાયતોમાં આપવાની હતી પરંતુ અમુક પંચાયતોમાં આપવામાં આવી તો બીજી પંચાયતોમાં કેમ આપવામાં આવી નથી તે પણ પ્રશ્ન ઉભો થયો છે. દસ ગામમાં આપેલા નાણાની વાત બીજા સરપંચોને ખબર પડતા તેઓએ વિરોધ દર્શાવ્યો હતો તેવું જાણવા મળેલ છે હવે પ્રશ્ન એ થાય છે કે આ ગ્રાન્ટ દસ સરપંચોને જ કેમ આપવામાં આવી, બાકીના સરપંચોને કેમ આપવામાં ન આવી? હવે આ નાણાં સરપંચ પરત ભરવા તૈયાર થયેલ છે તેવું જાણવા મળેલ છે. એસોસીએશનના કહેવાતા પ્રમુખને તેમના ગામમાં પણ બધાથી ડબલ ગ્રાન્ટ મળી છે પરંતુ આ ગ્રાન્ટ હજુ સુધી વપરાઈ કેમ નહી ? ગામમાં ગંદકીના થર પડ્યા છે વિકાસ બાબતે ઘણા પ્રશ્નો ઊભા છે તો તે તરફ ધ્યાન કેમ આપતા નથી અન્ય સરપંચોને પુછતાં જણાવેલ આ ગ્રાન્ટ કયારે આવી અમને ખબર નથી તો શું આ નાણાં ગ્રાન્ટ ચાઉં કરી જવાનો ઈરાદો શું ન હોઈ શકે ? શું પ્રજાએ સરપંચોને ગામના વિકાસની જગ્યાએ ખિસ્સા ભરવા માટે મોકલ્યા છે ? મોટો પ્રશ્ન છે કે આવી આગળ આવેલી કેટલીય ગ્રાન્ટો ખિસ્સામાં ભરી હશે ? અને એસો.ના કહેવાતા પ્રમુખ પણ ભેદભાવ રાખી રહ્યા છે તેવું જણાઈ આવે છે શું આ બાકીના સરપંચો એસોસિએશના પ્રમુખ પર વિશ્વાસ રાખશે ? આ બાબતે જિલ્લા વિકાસ અધિકારી તથા જીલ્લા કલેકટર સાહેબ હિસાબ તથા અગાઉ મોકલેલાં નાણાં ક્યાં વાપર્યા છે તેની પણ તપાસ થવી જોઈએ જો વધુ તપાસ કરવામાં આવે તો કરોડો રૂપિયાની ગ્રાન્ટોના કૌભાંડો બહાર આવી શકે તેમ છે તેવી લોકોની માંગ છે.



**છાલા આદર્શ પ્રાથમિક કન્યા શાળામાં નેશનલ સાયન્સ ડે ઉજવાયો**

ગાંધીનગર તાલુકાની છાલા આદર્શ પ્રાથમિક કન્યા શાળા ખાતે નેશનલ સાયન્સ ડે ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજ્ઞાન દિવસની ઉજવણીના ભાગરૂપે શાળાના બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે હેતુથી વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના વિજ્ઞાન શિક્ષિકા ફાલ્ગુનીબેન અને રેશ્માબેન ચાંપાનેરીએ બાળ વૈજ્ઞાનિકોને માર્ગદર્શન આપી સ્ટેથોસ્કોપ, માઈક્રોસ્કોપ, વિદ્યુતના વાહકો, સુક્ષ્મજીવો વગેરે પ્રયોગો તૈયાર કરાવ્યા હતા. વિજ્ઞાન પ્રદર્શનને સફળ બનાવવા માટે અન્ય શિક્ષકગણ દ્વારા જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ. વિશેષ મુલાકાતી તરીકે છાલા હાઈસ્કૂલના શિક્ષક એન.કે. પરમાર ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમના સફળ સંચાલન બદલ શાળાના આચાર્ય ગૌસ્વામી સુરેસભારતીએ સર્વેનો આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા.

## અરવલ્લી જિલ્લા આયોજન મંડળની બેઠકમાં ૮૭.૫ લાખના વિકાસના કામોની મંજૂરી

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લાના પ્રભારી મંત્રી ગુજરાત સરકારના વન અને આદિજાતિ વિભાગના રમણભાઈ પાટકરના અધ્યક્ષસ્થાને વર્ષ-૨૦૧૯-૨૦ માટે આગોતરા આયોજનના ભાગરૂપે યોજવામાં આવેલ બેઠકમાં અરવલ્લી જિલ્લાના છ તાલુકા મોડાસા -મેઘરજ-માલપુર -બાયડ -ધનસુરા અને ભિલોડા સહિતના તાલુકાઓ માટે કુલ રૂપિયા ૮૭૫ લાખની મળવાપાત્ર ગ્રાન્ટ સામે રૂપિયા ૧૦૩૨.૩૫ લાખના કુલ ૯૩૦ કામો મજૂર કરવામાં આવ્યા હતા. સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ માટે કુલ ૨૫ લાખના કામો મંજૂર થયા. રાજ્યના દરેક જિલ્લા અને તાલુકા તેમજ ગામોનો સંતુલિત વિકાસ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા ન્યૂનતમ જરૂરિયાતના ખૂટતા કડીરૂપ સામુહિક વિકાસના પાયાની સુવિધાવાળા કામો હાથ ધરવાના ભાગરૂપે તેમજ પ્રજાજનોને મળવાપાત્ર યોજનાકીય લાભો મેળવવામાં વિલંબ ના થાય તે હેતુથી જિલ્લા આયોજન મંડળની આ બેઠકમાં સીસીરોડ માટે રૂપિયા ૧૫૨.૬૮ લાખ પાણીના કામો માટે રૂપિયા ૧૭૮.૯૫ લાખ ગરનાળા માટે રૂપિયા ૨૧૩.૪૫ લાખના ગટર લાઈનના રૂપિયા ૭૮.૬૪ લાખના તેમજ અન્ય કામો રૂપિયા ૩૦૭.૧૧ લાખના મજૂર કરવામાં આવ્યા.

આ બેઠક સાબરકાંઠાના સંસદસભ્ય દીપસિંહ રાઠોડ, જિલ્લા કલેકટર એમ. નગરાજન, જિલ્લા વિકાસ અધિકારી ડોકટર હર્ષિત ગોસાવી, જિલ્લા આયોજન અધિકારી સુરેન્દ્રસિંહ ડાભી, મોડાસા નગરપાલિકાના પ્રમુખ સુભાષ શાહ, મોડાસા નગરપાલિકાના ચીફ ઓફિસર પ્રણવ પારેખ સહિતના જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ સહિત જિલ્લા પંચાયત પ્રમુખ જિલ્લાના ધારાસભ્યો-તાલુકા પંચાયતના પ્રમુખો તાલુકા વિકાસ અધિકારીઓના તમામ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં અધ્યક્ષ દ્વારા ગત વર્ષના કામોની સમીક્ષા કરવામાં આવી હતી. જેમો તમામ અમલીકરણ અધિકારીઓને પ્રગતિ હેઠળના અને શરૂ નહીં કરેલ કામો સત્વરે હાથ ધરી ૩૧ માર્ચ સુધી માંપૂર્ણ કરવાની તાકીદ કારવામો આવી હતી. સભ્ય સચિવએ બેઠક પૂર્ણ કરી હતી.

### ગોળીબાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સવારે કુપવાડાના હેન્દવારાના બાબાગુંડ ગામમાં ત્રાસવાદીઓ છુપાયા હોવાની બાતમી મળી હતી. બાતમી મળ્યા બાદ સમગ્ર વિસ્તારને ખાલી કરાવીને ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. અહીં બેથી ત્રણ ત્રાસવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. ત્રાસવાદીઓની હાજરીમાં ગુપ્તચર માહિતી મળ્યા બાદ કાર્યવાહી કરવામાં આવી હતી. સુરક્ષા દળોએ કાર્યવાહી શરૂ કરી ત્યારે તમામ સાવચેતી રાખવામાં આવી હતી. અથડામણ દરમિયાન સુરક્ષા દળોને કોઈ નુકસાન થયુ નથી. આ પહેલા બુધવારના દિવસે શોપિયન જિલ્લામાં જેશના બે ત્રાસવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. પાકિસ્તાની સેનાએ માનવ કવચ રૂપે અંકુશ રેખા પર રહેતા લોકોના આવાસ પર મોર્ટાર અને મિસાઈલો પણ હાલમાં ઝીંકી છે. રાજોરી અને પુચ ક્ષેત્રમાં પાકિસ્તાન દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો છે. સરહદી વિસ્તારોમાં હાલમાં વિસ્ફોટક સ્થિતી પ્રવર્તી રહી છે. તમામ ધાર્મિક સ્થળ પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. તમામ ગતિવિધી પર નજર છે.નાગરિક વિસ્તારમાં પાકિસ્તાન દ્વારા ગોળીબાર કરવામાં આવતા ભારે દહેશત પણ લોકોમાં ફેલાયેલી છે. સાથે સાથે કેટલાક લોકો તો અન્યત્ર પણ જતા રહ્યા છે. પાકિસ્તાનના અવિરત ગોળીબારના કારણે હાલમાં સામાન્ય લોકોમાં પણઁ આક્રોશ છે. જ્યારે બીજી બાજુ પાકિસ્તાનના દુસાહસને નિષ્ફળ કરવા સેના સજ્જ છે. જમ્મુ કાશ્મીરના જુદા જુદા વિસ્તારમાં હજુ પણ મોટી સંખ્યામાં સ્થાનિક કટ્ટરપંથીઓ અને ત્રાસવાદીઓ છુપાયેલા હોવાના હેવાલ હાલમાં આવ્યા છે. જેથી તેમનો નિકાલ પહેલા જરૂરી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, જ્યારે સેનાએ સર્ચ ઓપરેશન વધાર્યું અને શંકાસ્પદ જગ્યાએ ફાયરિંગ શરૂ કરતાં આતંકીઓએ વળતો જવાબ આપવાની શરૂઆત કરી હતી. નોંધનીય છે કે, આ પહેલાં ૨૭ ફેબ્રુઆરીએ સેનાએ દક્ષિણ કાશ્મીરના શોપિયાં જિલ્લાના કમાન્ડરમાં જૈશના બે આતંકીઓને ઠાર કરી દીધા હતા. પુલવામા હુમલા પછીથી ખીણ વિસ્તારમાં સેનાનું આતંકીઓ વિરુદ્ધનું અભિયાન ચાલુ છે.જમ્મુ-કાશ્મીરમાં સેનાનું ઓપરેશન ૬૦ શરૂ કરવામાં આવ્યું છે.

### શિશિરોત્સવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ક્રિષ્ચ્યન સંગીત રજુ કરશે. જયારે મુંબઈના ૩૦ જેટલા કલાકારો પણ પરફોર્મ કરશે. આ ઉપરાંત બીજા દિવસે કવિયોં કી હાસ્ય સ્ટ્રાઈક કાર્યક્રમ યોજાશે. જેમાં સુરેન્દ્ર શર્મા, શબીના અદીબ, આસકરણ અટલ અને જાની બૈરાગી સહીતના કવિઓ પોતાની રસપ્રદ કવિતા, શાયરી અને કૃતિઓ રજુ કરીને શ્રોતાઓને હાસ્ય રસથી તરબોળ કરશે. તેમ કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહાંએ જણાંવ્યુ છે.


### તબીબી વિજ્ઞાનને એક ઓર યશકલગી અર્પણ
Nova IVI, અત્યાધુનિક ટેકનોલોજી દ્વારા, જીનેટિક્સમાં લાવે છે ક્રાંતિ

સહદેવસિંહ સોલંકી અને શ્રીમતી અલ્પા સોલંકી બંને થેલેસેમિયા કેરિયર હતા. એમને બાળકો હતા, એક સાત વર્ષની દિકરી અને પાંચ વર્ષનો પુત્ર. દિકરી થેલેસેમિયા કેરિયર હતી પરંતુ દિકરો થેલેસેમિયા મેજર હતો. જેને અવારનવાર દર મહિને લોહી બદલાવવાની અને ચઢાવવાની જરૂર પડતી હતી. પછી તેને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટેશન કરાવવાની સલાહ આપવામાં આવી હતી. જોકે ટ્રાન્સપ્લાન્ટ માટે અનુરૂપ HLA દાતાઓ ન મળવાથી દંપતિએ પ્રી.જીનેટિક કાઈગ્નોસિસ અને સ્ક્રીનિંગ ટેસ્ટ (PGD અને PGS) સાથે અનુરૂપ HLA ધરાવતા દાતા સાથે IVF કરાવવાનો નિર્ણય લીધો હતો. એનાથી તેમને સ્વસ્થ બાળકને જન્મ આપવાની સુવિધા મળી હતી. આ બાળકની હ્યુમન લ્યુકોસાઈટ એન્ટિજેન HLA સિસ્ટમ અસરગ્રસ્ત બાળક સાથે મળશે. HLA આઈડેન્ટિકલ દાતામાંથી બોનમેરો ટ્રાન્સપ્લાન્ટેશન થેલેસેમિયા મેજરના દર્દીઓ માટે સારવારનો શ્રેષ્ઠ વિકલ્પ છે.

આ દંપતિ અમદાવાદના નોવા IVI ફર્ટિલિટી સેન્ટરમાં આવ્યુ હતુ. જ્યાં શરૂઆતમાં તેમને સલાહ આપ્યા બાદ વિસ્તૃત સારવાર કરાવવાની યોજના બનાવવામાં આવી હતી. કેસની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને નોવાના તબીબી નિષ્ણાતોએ શ્રેષ્ઠ શક્ય ઉકેલ પર આવવા સંયુક્તપણે ચર્ચાવિચારણા કરી હતી. તેમના સૂચનોને આધારે દંપતિને પરીક્ષણ માટે અનેક ઈંડાનું સર્જન કરવા એકથી વધારે વાર IVF ચક્રમાંથી પસાર થવું પડ્યું હતું. આ ચક્રોમાંથી શ્રીમતી સોલંકી બાયોપ્સી થયેલા ૧૮ ગર્ભ ધરાવતા હતા. જેમાંથી એક ગર્ભ PGD પરીક્ષણ પર HLAને અનુરૂપ હતુ. જેને પછી ટ્રાન્સફર કરવામાં આવ્યું હતું. પ્રથમ ચક્રમાં જ ગર્ભ સફળતાપૂર્વક ટ્રાન્સફર થયુ હતુ. જેના પરિણામે તેમણે સફળતાપૂર્વક માતૃત્વ ધારણ કર્યુહતુ અને સ્વસ્થ બાળકને જન્મ આપ્યો હતો. બાળક એના ભાઈ સાથે 10/10 HLA ધરાવતું હતુ આથી પીડિત બાળક માટે ભવિષ્યમાં બોન મેરો ટ્રાન્સપ્લાન્ટેશન કરવાનું આયોજન થયું છે.


### ભારતીય ગેસ ઉદ્યોગમાં તકો અને પડકારો અંગેનો સેમિનાર યોજાયો

પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી (પીડીપીયુ) અને ગેસ ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટ (જીટીઆઈ) દ્વારા આજે નવી દિલ્હીમાં ‘ભારતમાં કુદરતી ગેસ ઉદ્યોગ-પડકારો અને તકો’ વિષય પર એક દિવસનો વર્કશોપ યોજાયો હતો. આ કાર્યક્રમમાં આ ઉદ્યોગનાં ટોચનાં ૭૨ માંધાતાઓ હાજર રહ્યા હતા.

આ વર્કશોપને ખુલ્લો મુકતી પીડીપીયુનાં ડાયરેક્ટર એસપીટી પ્રો. સુભાષ શાહે જણાવ્યું હતું કે ‘આ વર્કશોપ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ગેસ વપરાશનો દર હાલમાં ૬.૫ ટકાથી વધારીને ૧૫ ટકાનું જે સ્વપ્ન છે તેને ગતિ આપવામાં સહાયક સાબિત થશે.’

તેમણે આ ઉદ્યોગો માટે કરવામાં આવતા ફિલ્ડ પ્રોજેક્ટ્સ માટે પ્રાદેશિક સરકારી એજન્સીઓ અને ખાનગી ઉદ્યોગોની ભાગીદારી અંગે પણ વાત કરી હતી.

આ વર્કશોપમાં પીએનજીઆરબીનાં મેમ્બર (આઈએન્ડટી) એસ રથે પોતાનાં મુખ્ય પ્રેઝન્ટેશનમાં ગેસ ઉદ્યોગ અંગેની વિષદ છણાવટ કરી હતી. તેમણે ‘ભારતીય ગેસ ઉદ્યોગનું સમગ્ર ચિત્ર અને હાલના દરજ્જો’ વિષય પર વક્તવ્ય આપ્યું હતું. તેમણે ડીજીએચની મહત્તમ નફાને બદલે મહત્તમ ઉત્પાદન કરવાની નીતિની પણ વાત કરી હતી. ભારતમાં ગેસ ઉર્જાનો હિસ્સો માત્ર છ ટકાનો છે, જ્યારે તેની વૈશ્વિક સરેરાશ ૨૪ ટકાની છે. ગુજરાતમાં ગેસનો સરેરાશ વપરાશ ૨૬ ટકાનો છે, જે વૈશ્વિક સરેરાશથી ઊંચો છે.

પીડીપીયુની સ્કૂલ ઓફ પેટ્રોલિયમ ટેકનોલોજીનાં પ્રોફેસર ડૉ. અનિરબિંદ સરકારે વેબ આધારિત સર્વે પદ્ધતિ-મંકી સર્વેની વાત કરી હતી. તેમના રિપોર્ટમાં ૧૨ જુદી ગેસ કંપનીઓનાં દષ્ટિકોણોને પણ દર્શાવાયા હતા.

તેમણે જણાવ્યું હતું કે, ‘અમે આપણા અર્થતંત્રને ગેસ આધારિત કરવા માંગીએ છીએ. ગેસનો વપરાશ ઉદ્યોગનાં મોટાભાગનાં તમામ ક્ષેત્રોમાં થાય છે. આપણા દેશમાં પૂર્વ ભારતમાં પૂરતો ગેસ સપ્લાય પડકાર છે અને કુદરતી ગેસની કિંમત પણ પડકાર છે.’

### અભિનંદન

● અનુસંધાન પહેલાનું ચાલુ

પકડી લીધા હતા. પાકિસ્તાનના યુદ્ધ વિમાનો ભારતીય ક્ષેત્રમાં હવાઈ હુમલાના પ્રયાસ કર્યા ત્યારે ભારતીય જેટે પાકિસ્તાનના પ્રયાસોને નિષ્ફળ કરી દીધા હતા. આ ગાળા દરમિયાન ભારતનું એક મિગ વિમાન તુટી પડ્યું હતું અને વિંગ કમાન્ડર અભિનંદન ખરાબ હવામાનના કારણે પવનના લીધે પાકિસ્તાન પહોંચી ગયા હતા. પેરાશૂટથી વિંગ કમાન્ડર કુદી ગયા ત્યારે ભારતના બદલે પાકિસ્તાનમાં નીચે ઉતરતા તેમને પાકિસ્તાની સૈનિકોએ પકડી લીધા હતા. ત્યારબાદથી સ્થિતિ વિસ્ફોટક બનેલી હતી. આખરે વિંગ કમાન્ડરને લઈને જોરદાર દબાણ પાકિસ્તાન ઉપર લાવવામાં આવ્યું હતું. ત્યારબાદથી સ્થિતિ ઝડપથી બદલાઈ રહી હતી. બંને દેશો વચ્ચે સ્થિતિ વિસ્ફોટક પણ બની રહી હતી. યુદ્ધ જેવું વાતાવરણ થઈ ગયું હતું. પાકિસ્તાનને એવો ભય પણ હતો કે, અભિનંદનને છોડાવવા માટે ભારત કોઈ મોટી કાર્યવાહી કરી શકે છે. ઈમરાન ખાનના સંબોધનમાં આ અંગેની દહેશત સ્પષ્ટપણે નજરે પડી હતી. અભિનંદનને કોઈ પણ શરત વગર ભારતે છોડાવી લેવામાં સફળતા મેળવી છે. અભિનંદનના પિતા સિમ્હાકુટ્ટી એરમાર્શલના હોદ્દાથી નિવૃત્ત થયા હતા. ૧૯૯૯ના કારગિલ યુદ્ધમાં તેઓ જોડાયા હતા. ઈસ્ટર્ન એર કમાન્ડના હેડ રહી ચુક્યા છે જે ચીનની સામે અભિયાનની જવાબદારી સંભાળે છે. એરમાર્શલ સિમ્હાકુટ્ટી વર્તમાન ફાઈટર પાયલોટ તરીકે ૧૯૭૩માં હવાઈ દળમાં જોડાયા હતા.

### ભારે ઉત્સાહ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમગ્ર દેશમાં ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો. ઠેર ઠેર આતંશબાજી તેમજ મીઠાઈ વહેંચીને તેનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. ગાંધીનગરમાં પણ અભિનંદનની વતન વાપસીથી ભારે ઉત્સાહનુ મોજુ ફરી વળ્યુ હતુ. નાગરિકોએ સેકટરોમાં એકમેકને હર્ષથી આ સમાચાર આપી દેશપ્રેમની ભાવના સાથે ખુશીની લાગણી વ્યકત કરી હતી.જયારે શોપિંગ બજારોમાં પણ વેપારીઓએ મીઠાઈનુ વિતરણ કર્યુ હતુ. શહેરમાં ઠેર ઠેર એક જ ચર્ચા ચાલતી હતી. અભિનંદનની વતન વાપસીથી સૌ કોઈના ચહેરા પર મુસ્કાન જોવા મળી હતી.